# એકતા
# આનંદમય જન્મદિવસના ઉપલક્ષમાં પ્રસ્તુત
# શ્રીગુરુમાઈ સાથે કેટલાક પ્રસંગો

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧

*લીલાવતી સ્ટુઅર્ટ સટ્‌ક્લિફ*

૧૯૮૦ના દાયકામાં જ્યારે હું લગભગ વીસ વર્ષની હતી, હું ગુરુદેવ સિદ્ધપીઠ ગઈ હતી. ત્યાં પહોંચ્યા પછી થોડા જ સમયમાં મને ગુરુચોકમાં શ્રીગુરુમાઈનાં દર્શન થયાં. તેમણે ખૂબ જ પ્રેમથી મારું સ્વાગત કર્યું! ગુરુમાઈજીએ મને કહ્યું કે મારી સેવાયાત્રા દરમ્યાન મારા માટે એ લાભદાયી રહેશે કે હું આંતરિક કાર્ય માટે સમય કાઢું, મારી સાધના પર કેન્દ્રિત થઈને અંતરમાં દૃષ્ટિ કરું.

આ કેન્દ્રણને મારા બોધમાં રાખવા માટે હું ઉત્સુક હતી! હું મનમાં ને મનમાં જ વિચારી રહી હતી કે હું એ કેવી રીતે કરીશ. મેં વિચાર્યું, *હું બહુ ધ્યાન કરીશ! આ રીતે મારું અંતર-જગત આપોઆપ મારી સમક્ષ પ્રગટ થઈ જશે.*

મારી સેવા અમૃતમાં 'સંપર્ક અધિકારી'ની હતી. એ સમયે, અમૃતમાં દરરોજ લગભગ ત્રણસો લોકો આવતાં હતાં. મારા આશ્રમનિવાસ દરમ્યાન અમૃત પૅવેલિયનના નવીનીકરણનો પ્રોજેક્ટ ચાલી રહ્યો હતો, જેમાં મોટી દીવાલોને તોડવાની હતી, જેથી જમવા માટે બેસવાની જગ્યાનો વિસ્તાર કરી શકાય. મારી સેવા હતી કે હું અમૃતનું કાર્ય સરળતાથી ચાલતું રહે તે માટે નવીનીકરણના પ્રોજેક્ટ મેનેજર સાથે મળીને કામ કરું. દાખલા તરીકે, કેટલીકવાર અમારે લોકોને બેસવા માટે અને જમવા માટે જગ્યા મળી રહે તે માટે બગીચામાં બેસવાની કામચલાઉ વ્યવસ્થા કરવી પડતી. ઘણીવાર આ બધું સરળતાથી ચાલુ રાખવું મને મુશ્કેલ લાગતું.

જ્યારે યોજના મુજબ કાર્ય થતું નહીં ત્યારે મને ઇચ્છા થતી કે હું બસ અમૃત છોડીને ગુરુમાઈજીએ મને જે આંતરિક કાર્ય કરવાનું માર્ગદર્શન આપ્યું હતું તે કરવા માટે ધ્યાનગુફામાં જતી રહું. જોકે હું જાણતી હતી કે મારા માટે એ મહત્ત્વનું હતું કે હું સેવા અર્પિત કરતી રહું અને સૌથી મહત્ત્વનું એ હતું કે ગુરુમાઈજીના માર્ગદર્શનનું પાલન કરું. તેથી મેં વિચાર્યું, *જો હું ધ્યાનગુફામાં ના જઈ શકું તો હું સેવા અર્પિત કરતાં-કરતાં જ આંતરિક કાર્ય કરવાનો કોઈ ઉપાય શોધી કાઢીશ!*

મેં નક્કી કર્યું કે લોકો સાથે અને મારા કાર્ય સાથે જોડાતાં પહેલાં હું મારા હૃદય સાથે જોડાઈશ. અને મેં જોયું કે જેટલું વધારે હું મારાં કાર્યોને મારા હૃદય સાથે જોડતી, તેટલું જ વધારે કાર્ય હું કરી શકતી હતી. જે સમસ્યાઓ મને દુર્ગમ લાગતી હતી તેનું નિરાકરણ કરવું વાસ્તવમાં સહેલું હતું! મેં જાણી લીધું કે અંતરમાં પ્રશાંતિનો અનુભવ કરવા માટે મારે ધ્યાનગુફામાં જવાની જરૂર નથી. સક્રિય રહીને પણ સ્થિર થવામાં ઘણું સારું મહસૂસ થઈ રહ્યું હતું.

મારા સેવાકાળના અંતિમ દિવસોમાં એક દિવસ, મેં ગુરુમાઈજીને સુંદર બગીચાઓમાં ચાલતાં જોયાં. ગુરુમાઈજીએ મને તેમની સાથે ચાલવા માટે આમંત્રણ આપ્યું અને આશ્રમમાં મારો સમય કેવો રહ્યો તેના વિશે પૂછ્યું. ગુરુમાઈજીએ પૂછ્યું, "તેં શું કર્યું?" મેં સંપર્ક અધિકારીની મારી સેવા વિશે કહેવાનું શરૂ કર્યું. ગુરુમાઈજીએ મને ફરીથી પૂછ્યું, "તેં શું કર્યું?" શું કહેવું તે મને સમજાયું નહીં તેથી હું ચૂપ રહી. ગુરુમાઈજીએ સ્મિત કરીને કહ્યું, "તેં દીવાલો તોડી નાખી!"

પછી ગુરુમાઈજીએ મને ફરીથી પૂછ્યું, "તેં શું કર્યું?" મેં કહ્યું, "મેં દીવાલો તોડી નાખી." જે ક્ષણે મેં સ્વયંને આ ચાર શબ્દો બોલતા સાંભળી, મને સમજાયું કે હું અમૃતની દીવાલો વિશે નહોતી કહી રહી.

ગુરુમાઈજીએ મને શીખવ્યું કે મારા હૃદય અને મારાં કાર્યો વચ્ચે કોઈ અવરોધ નથી. ગુરુમાઈજીનાં માર્ગદર્શનનું પાલન કરીને હું શીખી છું કે સેવા અર્પિત *કરતાં-કરતાં* હું મારા હૃદય સાથે કેવી રીતે જોડાઈ શકું. મેં જાણી લીધું કે મારા અંતરનું સ્થાન મારી બહારના સ્થાનમાં પ્રવાહિત થઈ શકે છે અને મને માર્ગદર્શન આપતું રહે છે કે હું ખૂબ જ સહજતાથી એ પ્રાપ્ત કરી લઉં જે પ્રાપ્ત કરવાનો મારો ઉદ્દેશ હતો.

ધન્યવાદ, ગુરુમાઈજી.

***

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૨

*શરણી બન્ર્ઝ*

વર્ષ ૨૦૦૨માં એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનમાં સ્ટાફ સદસ્યાના રૂપે સેવા અર્પિત કરવા માટે હું મારા ઘર, પર્થ, ઑસ્ટ્રેલિયાથી શ્રી મુક્તાનંદ આશ્રમમાં ગઈ હતી.

કેટલાંક વર્ષો સુધી ત્યાં સેવા આપ્યા પછી, એક દિવસ મને ઘરની ઘણી યાદ આવી રહી હતી. અમેરિકામાં એ દિવસે જાહેર રજા હતી અને આશ્રમના ઘણા સેવાકર્તાઓ તેમના પરિવારને મળવા ગયા હતા.

મને નિત્યાનંદ સરોવર પર ફરવા જવાની તીવ્ર ઇચ્છા થઈ. જ્યારે હું ત્યાં ચાલી રહી હતી ત્યારે એ જોઈને અત્યંત ખુશ થઈ ગઈ કે ગુરુમાઈજી મારી તરફ જ આવી રહ્યાં હતાં. તેઓ એક મહિલા સાથે ચાલી રહ્યાં હતાં જેને મેં પહેલાં જોઈ તો હતી પણ ઓળખતી નહોતી. મેં ઘણી પ્રસન્નતાથી ગુરુમાઈજીનું અભિવાદન કર્યું અને ચાલતી રહી.

ગુરુમાઈજી ઊભાં રહી ગયાં અને તેમણે મારું નામ લઈને મને બોલાવી. તેમણે પૂછ્યું કે શું હું એ મહિલાને મળી છું જેની સાથે તેઓ ચાલી રહ્યાં છે. મેં કહ્યું, "ના ગુરુમાઈજી. હું નથી મળી." ગુરુમાઈજીએ કહ્યું કે અમે બંને ઑસ્ટ્રેલિયાના છીએ એટલે તેમને લાગે છે કે અમારા બંને વચ્ચે ઘણી સમાનતા હશે. પછી તેમણે મને તેમની સાથે સરોવરની ફરતે ચાલવા માટે કહ્યું.

ચાલતાં-ચાલતાં એ મહિલાએ અને મેં અમારાં જીવન વિશે ઘણી વાતો કરી અને અમે જોયું કે સાચે જ અમારી વચ્ચે ઘણી સમાનતા હતી. હું મહસૂસ કરી શકતી હતી કે ઘરની મારી યાદનું દુ:ખ દૂર થઈ રહ્યું છે.

ગુરુમાઈજીએ કહ્યું કે તેમણે જોયું છે કે મૅક્સિકોના સ્ટાફ સદસ્યો અને વિઝિટિંગ સેવાકર્તાઓ બહુ સારી રીતે એકબીજા સાથે હળેમળે છે, પણ ઑસ્ટ્રેલિયાના સેવાકર્તાઓ સાથે એવું નથી. અમે બધાં હસી પડ્યાં કારણ કે આ એકદમ સાચી વાત હતી! લગભગ દરરોજ હું જોતી હતી કે મૅક્સિકોના સેવાકર્તાઓ અમૃતમાં લાંબા ટેબલ ફરતે બેસીને ખૂબ જ આનંદ અને ઉલ્લાસ સાથે એકબીજાની સાથે હસતા અને વાતો કરતા રહેતા હતા.

એક-બે દિવસ પછી, ગુરુમાઈજીના કહેવાથી આશ્રમના બધા ઑસ્ટ્રેલિયાના સેવાકર્તાઓ માટે એક પ્રસાદ-સમારોહનું આયોજન કરવામાં આવ્યું. ત્યાં બધું જ ઑસ્ટ્રેલિયાનું હતું! ઑસ્ટ્રેલિયાની ચૉકલેટો, બિસ્કિટો, કેન્ડિ, કેક અને ઑસ્ટ્રેલિયાની ચા. અમારાંમાંથી એવાં ઘણાં લોકો હતાં જેઓ એકબીજાંને પહેલાં મળ્યાં નહોતાં અથવા તો એકબીજાંને ઓળખવા માટે સમય કાઢ્યો નહોતો. અત્યારે એવું કરવાથી મારું હૃદય ગદ્‌ગદ્ થઈ ગયું. અમે અમારી સાધનાના અનુભવો તેમજ ઑસ્ટ્રેલિયામાં આવેલી અમારી મનપસંદ જગ્યાઓ અને પ્રવૃત્તિઓ વિશે વાતો કરી. જ્યારે અમારાંમાંથી કોઈ ઑસ્ટ્રેલિયાની કોઈ અનોખી વાત કહેતું તો અમે બધાં ઉત્સાહથી તેની વાતને સમર્થન આપતાં. અને અમે હસ્યાં — બહુ હસ્યાં.

મને યાદ છે કે મારી ચારેબાજુ ઑસ્ટ્રેલિયાના મારા સાથી-સેવાકર્તાઓને જોઈને હું બહુ જ સહજતા, નિખાલસતા અને ખુશીનો અનુભવ કરી રહી હતી. ગુરુમાઈજીએ અમને એકસાથે ભેગાં કર્યાં એ પહેલાં મને ખબર નહોતી કે હું એ બધાં લોકો સાથે જોડાઈ શકીશ. હું કૃતજ્ઞતાથી ભરાઈ ગઈ હતી.

સમારોહના થોડા દિવસ પછી, મને ફરીથી શ્રીગુરુમાઈનાં દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ગુરુમાઈજીએ મને કહ્યું કે તેમને આશા હતી કે મારા ઑસ્ટ્રેલિયાના સાથીઓ સાથે બપોરની ચા પીવાથી મને ખુશી થઈ હશે. મારું સમગ્ર અસ્તિત્વ સ્મિત કરવા લાગ્યું! ખરેખર એમ જ થયું હતું. ઑસ્ટ્રેલિયાનાં લોકોના આવા અતિસુંદર સમારોહમાં અમને બધાંને એકસાથે ભેગાં કરવા માટે મેં ગુરુમાઈજીનો આભાર માન્યો.

શ્રીગુરુમાઈ સાથે થયેલી આ વાતચીત અને તેમના પ્રસાદથી મને મારી આસપાસ રહેલાં લોકો સાથે ભેગાં મળીને રહેવાનું મહત્ત્વ વધુ સ્પષ્ટતાથી સમજાયું. મેં ગુરુમાઈજીની શિખામણને મારા હૃદયમાં ઉતારી લીધી છે, જેનું પાલન હું માત્ર ઑસ્ટ્રેલિયાનાં લોકો સાથેના મારા વ્યવહારમાં જ નહીં પરંતુ જેને પણ મળું છું, એ બધાં સાથે કરું છું. લોકોને જાણવાના પ્રયત્નથી — અમારાં વચ્ચે રહેલી સમાનતાને જાણવાથી અને અરસપરસના સંબંધોનો આનંદ ઉઠાવવાથી, જે લાભ પ્રાપ્ત થાય છે તેનો અનુભવ મેં વારંવાર કર્યો છે.

ધન્યવાદ, ગુરુમાઈજી.

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.